પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૭ | ૨૮ નવેમ્બર, ૨૦૧૮, બુધવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

**અમેરિકા ન્યાયની લડાઇમાં ભારત સાથે**

મુંબઈમાં ૨૬/૧૧માં થયેલા આતંકવાદી હુમલાની ૧૦મી વરસી પર ડોનાલ્ડ્ ટ્રમ્પે સંવેદનાઓ વ્યક્ત કરતા કહ્યું કે, અમેરિકા ન્યાયની લડાઈમાં ભારતના લોકોની સાથે ઉભું છે.

**વોટ્સએપના સીઈઓ નીરજ અરોરાનું રાજીનામુ**

વોટ્સએપના ચીફ બિઝનેસ ઓફિસર નીરજ અરોરાએ મંગળવારે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. તેઓ સાત વર્ષ સુધી વોટ્સએપ સાથે જોડાયેલા હતા. તેઓ નવેમ્બર ૨૦૧૧માં વોટ્સએપ સાથે જોડાયા હતા.

**પૂર્વ સનદી અધિકારી અપરાજિતા સારંગી ભાજપમાં જોડાયા**

ભૂતપૂર્વ આઈએએસ અધિકારી અપરાજિતા સારંગી મંગળવારે પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ અને પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા છે.

**સુનીલ અરોરા દેશના મુખ્ય ચૂંટણી કમિશનર બનશે**

રાજસ્થાન કેડરના ૧૯૮૦ની બેચના સેવા નિવૃત્ત આઈએએસ અધિકારી સુનીલ અરોરા દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશનર બનશે. ચૂંટણીપંચના પ્રવકતાએ જણાવ્યું હતું કે સુનીલ અરોરા ૨ ડિસેમ્બરે નવા ચૂંટણી કમિશનરનો કાર્યભાર સંભાળશે.

# આજે મધ્યપ્રદેશમાં મતદાન

**રાજ્યની ૨૩૦ વિધાનસભા બેઠકો માટે ૨૮૯૯ ઉમેદવારો વચ્ચે જંગ : તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે કુલ ૫.૦૪ કરોડ મતદારો ખુબ જ ઉત્સુક : ૬૫૩૪૧ મતદાન કેન્દ્ર બનાવાયા : અનેક મહારથી મેદાનમાં**



ભોપાલ, તા.૨૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે મધ્યપ્રદેશમાં હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ મતદાન માટેનો તખ્તો હવે ગોઠવાઈ ગયો છે. બુધવારના દિવસે મધ્યપ્રદેશમાં એક જ તબક્કામાં મતદાન થશે. મધ્યપ્રદેશની ચૂંટણીમાં હવે મતદાન પર તમામની નજર છે. છત્તિસગઢમાં આ પહેલા ચૂંટણીના બંને તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ ચૂંટણી પંચ અહીં પણ ઉંચા મતદાનની ખાતરી કરવા માટે તૈયાર છે. મધ્યપ્રદેશમાં કુલ પાંચ કરોડ ચાર લાખ ૯૫ મતદારો છે. આ તમામ મતદારો ૨૩૦ વિધાનસભા માટે ચૂંટણી મેદાનમાં રહેલા ૨૮૯૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તમામ તૈયારી ચૂંટણી પંચે કરી લીધી છે. ભાજપે સૌથી વધારે તમામ ૨૩૦ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસે ૨૨૯ અને બહુજન સમાજવાદી પાર્ટીએ

● અનુસંધાન પાન-૭ પર

## મિઝોરમમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાનની તૈયારી

**આજે મિઝોરમમાં પણ ઉમેદવારોના ભાવિનો ફેંસલો ૨૦૦૮ બાદથી મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર છે સાત લાખથી વધુ મતદાર ઉંચુ મતદાન કરવા સજ્જ**



નવી દિલ્હી,તા. ૨૭

મધ્યપ્રદેશની સાથે સાથે મિઝોરમમાં પણ આવતીકાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. અહીં પણ તમામ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. મિઝોરમની વાત કરવામાં આવે તો અહીં ૭૭૦૩૯૫ મતદાર નોંધાયા છે. આ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી આશિષ કુંદરાના કહેવા મુજબ વ્યવસ્થાને લઈને તેઓ સંપૂર્ણપણે સંતુષ્ટ છે. કોંગ્રેસ પાર્ટી હાલ સત્તામાં છે. ૨૦૦૮ બાદથી મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર છે. સતત ત્રીજી વખત કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવવા ઈચ્છુક છે. ૨૦૧૩ની છેલ્લી વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ પાર્ટીએ ૩૪ સીટો જીતી હતી જ્યારે મિઝો નેશનલ ફ્રન્ટે પાંચ અને મિઝોરમ પિપલ્સ કોન્ફરન્સે એક સીટ જીતી હતી. કોંગ્રેસ અને એમએનએફે ૪૦ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે ૩૯ સીટો ઉપર ઉમેદવારો ઉતાર્યા છે.

# રાજસ્થાનમાં બેકારી ભથ્થા માટે ભાજપનું વચન

**રાજસ્થાનમાં ચૂંટણી પહેલા ભાજપે સંકલ્પપત્રમાં મહિને ૫૦૦૦ બેરોજગારી ભથ્થુ આપવા વચન આપ્યું : છેલ્લા પાંચ વર્ષમાં ખુબ મોટા મોટા કામો થયા છે : રાજશ્રી યોજના હેઠળ કોલેજ બાદ યુવતીને ૫૦,૦૦૦ની સહાયતા પણ અપાય છે : વસુન્ધરા રાજે**

જયપુર, તા. ૨૭

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે ઘોષણાપત્ર જારી કર્યું હતું. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને કેન્દ્રીયમંત્રી અરુણ જેટલીએ સંકલ્પપત્ર જારી કરીને માહિતી મેળવી હતી. આ પ્રસંગે વસુંધરા રાજેએ કહ્યું હતું કે, અમારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં અનેક મોટા કામ કર્યા છે. અનેક જગ્યાએ ૫૦-૫૦ વર્ષના કામની સરખામણીમાં રાજસ્થાનમાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ કામ થયા છે. રાજસ્થાન સરકારે અગાઉના ઘોષણાપત્રમાં આપેલા વચનો પૈકી ૯૫ ટકા વચનો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા વસુંધરાએ કહ્યું હતું કે, રાજશ્રી યોજના હેઠળ બાળકીના જન્મ ઉપર આર્થિક સહાયતા અને ત્યારબાદ કોલેજથી નિકળતા જ ૫૦ હજાર રૂપિયાની સહાયતા આપવામાં આવે છે. બાળકીઓ માટે શિક્ષણમાં પણ અમારુ ધ્યાન છે. અમે તેમને સ્કુટી અને લેપટોપ આપી રહ્યા છીએ. રેશનિંગ વિતરણ માટે મશીનોનો ઉપયોગ

● અનુસંધાન પાન-૭ પર







# કોંગ્રેસ અને ટીઆરએસ વચ્ચે જુઠ્ઠુ બોલવાની સ્પર્ધા : મોદી

**નિઝામાબાદમાં રેલીને સંબોધિત કરતા પીએમ મોદીનાં તેલંગાણાના મુખ્યમંત્રી પર આકરા પ્રહાર : ચંદ્રશેખર રાવે કહ્યું હતું કે, નિઝામાબાદને લંડન બનાવીશ. અહીં તો વિજળી, પાણી અને રસ્તા માટે પણ લોકો તરસી રહ્યા છે**

હૈદરાબાદ, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મદીએ આજે તેલંગાણાના મહેબુબનગરમાં કોંગ્રેસ અને રાજ્યની ટીઆરએસ સરકાર ઉપર એક સાથે આકરા પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે આંધ્રપ્રદેશનું વિભાજન કર્યું હતું જેના પરિણામ બંને રાજ્યોના લોકો આજે પણ ભોગવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, ટીઆરએસ કોંગ્રેસની ફોટો કોપી છે. કોંગ્રેસ અને ટીઆરએસમાં કોઈપણ અંતર નથી. બંને પાર્ટીઓની નીતિઓ એક સમાન રહી છે. મોદીએ જનસભાને સંબોધતા કહ્યું હતું કે, ટીઆરએસ કોંગ્રેસની જ ફોટો કોપી છે. બંને પાર્ટીઓ પરિવારવાદ, જાતિવાદ અને વોટબેંકની રાજનીતિમાં ડુબેલી છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ વર્ષો પહેલા આંધ્રપ્રદેશનું વિભાજન કર્યું હતું જેની કિંમત બંને રાજ્યોના લોકો આજે પણ ભોગવી રહ્યા છે.જ્યારે અટલ બિહારી વાજપેયીએ મધ્યપ્રદેશ,

● અનુસંધાન પાન-૭ પર

## સરકારનાં એક અવાજ પર યુદ્ધ માટે તૈયાર છે સેના - આર્મી ચીફ

ન્યુ દિલ્હી,તા.૨૭

સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે ભારતીય સેનાની હિંમત અને ક્ષમતા પ્રગટ કરતાં કહ્યું હતું કે, સેના માત્ર એક અવાજ પર કાર્યવાહી કરવા માટે તૈયાર છે અને હવે ક્યારેય પણ એવી સ્થિતિ પેદા નહિં થાય જ્યારે સેના ૨૬/૧૧ જેવા મોટા આતંકવાદી હુમલાનો મુકાબલો ન કરી શકે. રાવતે કહ્યું કે સેના હવે સરકાર તરફથી મળેલા આદેશના આધાર પર કાર્યવાહી કરવા માટે પૂરી રીતે તૈયાર છે.

ઈન્ડિયા ટુડે સાથેની વાતચીતમાં આર્મી ચીફ રાવતે કહ્યું કે, જો અમને સરકાર તરફથી કોઈ કાર્યવાહી કરવાનું કહેવામાં આવે તો અમે તૈયાર છીએ અને અમારામાં તે ક્ષમતા છે.

હવે ક્યારેય પણ એવી સ્થિતિ પેદા નહિં થાય જ્યાં આપણી પાસે આતંકવાદી હુમલાનો મુકાબલો કરવાનો વિકલ્પ ન હોય.

રાવત આ સવાલનો જવાબ આપી રહ્યા હતા કે જો ૨૬/૧૧ જેવો હુમલો થયો તો આપણી જવાબી કાર્યવાહી શું હશે? ઘાટીમાં જવાનોનાં માથા કાપી નાખવાનાં સંબંધે સવાલ કરવા પર રાવતે કહ્યું કે પાછલા દોઢ વર્ષમાં આતંકવાદીઓએ પોલીસ કર્મીઓને નિશાન બનાવ્યા છે.




